# વાવડ

## શ્રી દક્ષિણ ભારત કચ્છી વિસા ઓસવાલ જૈન એક્કમનું

## મુખપત્ર જુન,૨૦૧૭ અંક – ૫૯



# Bharat Automobiles

*Narendra N.Savla*

No.50 & 5, Sir. M.V.Lorry Terminal,
Bellary - 583 101.
Ph. : (S) 272997, 272847, 275882
® 256133, Cell : 94480 72997
Email : bharatautomobiles1@gmail.com



**SPECIALISTS IN : TATA, LEYLAND, JEEP, TIPPER, LCV, INDUSTRIAL SPARES**

# Bharat Sales & Service

*Anil N.Savla*
B.E. (E.&C)

S.No.17, Dr. Sir. M.V.Lorry Terminal,
Bellary - 583 101.
Ph. : 08392 - 272993.
Email : gudsi1@gmail.com

1st Floor, National Engg. Work,
Near Bharat Petrol Pump,
Bangalore Road,
Nh4, Kundgol Cross, Adargunchi,
Hubli-590 212.
Cell : 9845669294,
Ph. : 0836-2317993
Email : bss.hubli@gmail.com



**Authorised Service Centre - Wabco TVS**

Vavad વાવડ

**JUNE 2017 Issue no: 58**

# <u>અનુક્રમણિકા</u>


| | |
|---|---|
| ૧. પ્રમુખશ્રીનો સંદેશ | ૪ |
| ૨. સંપાદકીય | ૫ |
| ૩. તંત્રી સ્થાનેથી | ૫ |
| ૪. ગીત સુકૃત્ય | ૬ |
| ૫.વાવડને પ્રત્યુત્તર | ૯ |
| ૬. ઘટકના વાવડ | ૯ |
| ૭. યુથકેમ્પ ૨૦૧૭ દાંડેલી | ૧૨ |
| ૮. જીવનચક્ર | ૧૫ |
| ૯. મહિલા MUNCH | ૧૭ |
| ૧૦.શાંત પળોમાં વિચારજો | ૧૭ |
| ૧૧. દક્ષિણ ભારત ક. વી.ઓ. જૈન એકમ- રજતજયંતી | ૧૮ |
| ૧૨. પાકેલુ પાંદડુ | ૨૨ |
| ૧૨.૧ ગમતાના ગુલાલ | ૨૪ |
| ૧૩. કાવ્યસરિતા | ૨૪ |
| ૧૪. EDITOR'S MESSAGE | ૨૭ |
| ૧૫. SELFIE CONTEST | ૨૭ |
| ૧૬. PHOTOGRAPHY CONTEST | ૨૭ |
| ૧૭. YOUNG BUDS CORNER | ૨૮ |
| ૧૭.૧ ગમતાના GULAL | ૨૮ |
| ૧૭.૨ EKKAM's GOT TALENT | ૨૯ |
| ૧૮. YOUTH CAMP 2017-DANDELI PHOTOS | ૨૦,૩૧ |


**VAVAD IS ALSO AVAILABLE ON ASANJOKUTCH.COM**

**Details about KUTCHHI VISA OSWAL JAIN EKKAM is available on www.dbkvo.org**

**વાવડના તંત્રીઓ :**

શ્રીમતી રેખાબેન પ્રકાશ કેનિયા– 919663146467 શ્રીમતી ગીતાબેન વિરેંદ્ર છેડા-919448366364

શ્રીમતી નીલમ હિતેશ છેડા—919449226670



# પ્રમુખશ્રી નો સંદેશ

'પ્રિય સ્નેહી સ્વજન, જય જીનેન્દ્ર,

**"ધન મેળવવું નીતિથી, વાપરવું પ્રીતિથી,**
**ભોગવવું રિતીથી, તો બચી જઇશું દુર્ગતિથી"**

નોટબંદી પછી ૨૦૧૭ વર્ષની શરૂઆત થઈ અને હવે જિએસટી ચર્ચામાં છે. આપણા કામકાજ પર અસર થવાની છે, ત્યારે આપણે ઇશ્વરને એકજ પ્રાર્થના કરિએ કે--- **"તન્મે મનઃ શિવ સંકલ્પમસ્તુ"**

**મંગલ હો જીવનનો ક્ષણ ક્ષણ--- મંગલ હો ધરતીનો કણ કણ---**

આપણું મન કલ્યાણકારી શુભ સંકલ્પોથી મુગ્ધ થાવો. વાસ્તવમાં પ્રત્યેક દિવસ એ જીવનની એક નવી શુરૂવાત હોય. ગરમીના તાપને સહન કર્યા બાદ વરસાદ ની ફુઆર મન ને પ્રફુલ્લીત કરે તેમ આવતા દિવસો પણ ખુશહાલી લાવશે. આ વર્ષે થયેલ યુથકેમ્પમાં યુવા-યુવતીઓ સાથે વાર્તાલાપ કર્યો. એમને યુથકેમ્પ માં ખુબ મજા આવી પણ તેઓ કેમ્પમાં સમય વધારવાની વાત કરી. યુવાપિઢી એ સમજદારી અને નિખાલસતા થી વર્તન કર્યા અને એમનું પ્રકૃતીવિશે આકર્ષણ જોયું. શહરોમાં રહેતા યુવાનોને ટેક્નોલોજી વગર જીવવાની આદત નથી પણ દાંડેલીના જંગલ પ્રદેશમાં તેઓ બધુ ભુલીને મજા માણી. આવતા વર્ષોમાં યુવાપિઢી ને કમિટીમાં શામીલ કરી શકાય એના પર હવે ચર્ચા-વિચારણા થવી જોઈએ.

જીવન છે અણમોલ તેને જીવીલો ભરપુર,
હસતા હસતા ભગાવો ચિંતા અને દુખ દુર

ખરેખર, પ્રાકૃતિક સુંદરતા અને શુધ્ધ વાતાવરણમાં બધુ ભુલાઈ ગયું.

**વિરેન્દ્ર દામજી છેડા (હુબલી), ૯૨૪૩૨૮૧૨૬૪**

# શ્રી દ.ભા.ક.વી.ઓ. જૈન એક્કમના હોદ્દેદારો

| નં | નામ | હોદ્દો | ગામ | મોબઈલ નં |
|---|---|---|---|---|
| ૧. | શ્રી વિરેંદ્ર દામજી છેડા | પ્રમુખ | હુબલી | 919243281264 |
| ૨. | શ્રી મણિલાલ પ્રેમજી ગાલા | ઉપ પ્રમુખ | ગુલબર્ગા | 919448110141 |
| ૩. | શ્રી નિતીન કુમાર શાહ | ઉપ પ્રમુખ | હૈદ્રાબાદ | 918978444848 |
| ૪. | શ્રી ચુનીલાલ જીવરાજ ગાલા | ઉપ પ્રમુખ | બેંગલોર | 919844056842 |
| ૫. | શ્રી વિસનજી વિરજી ગંગર | ઉપ પ્રમુખ | ચેન્નઈ | 919380555999 |
| ૬. | શ્રી નિતીન એસ શાહ | ઉપ પ્રમુખ | મદુરાઈ | 919344440144 |
| ૭. | શ્રી નરેન્દ્ર નાનજી સાવલા | સહ મંત્રી | બેલ્લારી | 919448072997 |
| ૮. | શ્રી પંકજ વિરજી ગાલા | મંત્રી | ગદગ | 919448137039 |
| ૯. | શ્રી મહેન્દ્ર ખીમજી વીરા | ખજાનચી | ગદગ | 919448356488 |



# સંપાદકીય

પ્રિય વાચક મિત્રો,

જય જિનેન્દ્ર, વાવડનું અંકની બધા આતુરતા થી વાટ જોઈ રહ્યા હસો,પણ નોટબંદી અને હવે જીએસટી,પછી મનમાં વિચારો આવે કે બીજુ નવુ શુ થશે?, જીવનમાં નવનવા ચેલેંજ આવતા જાય છે એનાથી પાર પડવાનું છે. ચેલેંજેસ ની વાત કરીએ તો આજની યુવાપેઢી યાદ આવે. દાંડેલીમાં યુકેજીએ યોજાયેલ યુથકેમ્પમાં આવેલ વડીલો, સમવયસ્ક અને યુવાપેઢીને મળીને ખુબ આનંદ થયો. યુવાઓની જિંદાદિલી પણ તારિફ કરવા જેવી હતી. ગેમ્સનાં માધ્યમથી  ચેલેંજેસ ને હસતા હસતા પાર કરવાનું નજરિઓ જોવા મળ્યો. દિલખુલાસ અને ભિનાભિના વાતાવરણમાં બધા એક-બિજા સાથે ઘણી આત્મિયતા થી રહ્યા. યુવાનોની વાતોમાં એક દાખલો યાદ આવે છે.

એક યુવાન ‘અનિલ’ ટેંશનમાં દોડતો દોડતો ઘેર આવ્યો. કામપરથી આવીને કોઈને વાત કર્યા વગર પોતાના બેડરૂમમાં જતો રહ્યો. એમના માતા પિતા ને ચિંતા થઈ કારણ કે એવી રિતે તે ક્યારે પણ વર્તન કરતો નથી. ઘેર આવે એટલે બધા સાથે બેસીને વાતો કરે. તેઓ તર્ક-વિતર્ક કરવા લાગ્યા- ઓફિસમાં કાંઈ થયું હશે? કોઈ સાથે ઝગડ્યો છે શું? પછી મમ્મીને યાદ આવ્યુ કે અનિલની એક બચપનની જિગરજાન ફ્રેંડ ‘સેજલ’ - સાથે રમતા-ભણતા-ફરતા હતા અને હવે સેજલનું લગ્ન નક્કી થયું છે તેના માટે અનિલ નારાજ થઈ ગયો છે? સેજલ સાથે એનું તાલમેળ બહુ સારૂ હતું. વિચારોના તુફાનમાં ખોવાઈ તેમને અનિલ પાસે આવીને પુછ્યું કે શુ થયું?અનિલે જવાબ આપ્યું કે મારી બેસ્ટ ફ્રેંડ-સેજલના લગન બે દિવસમાં છે તો એના લગન માં જવામાટે હું આટલું જલ્દી તયારી  કેવી રિતે કરીશ? એનો નિખાલસ જવાબ સાંભળીને માતા પિતા હસવા લાગ્યા. એમને કેટલા બધા વિચોરો કર્યા પણ અનિલના માં મનની વાત સાંભળી સમઝી ગયા કે આજની યુવાપિઢી ખુબ સમજદાર છે. એમને કમજોર ન સમજવું જોઈએ.તેઓ દિલ થી સ્ટ્રોંગ છે અને પરિસ્થિતીને સમજી શકે છે. તેઓ દિલખુલાસ જિવન જીવવા સીખી ગયા છે. એવી સમજ યુથકેમ્પમાં જોવા મળી.

**નરેંદ્ર નાનજી સાવલા,પ્રમુખ, બેલ્લારી, ૯૪૪૮૦૭૨૯૯૭**



# તંત્રી સ્થાનેથી

જય જિનેન્દ્ર,

“ગૃહિણી” શબ્દ નજર સામે આવતાંજ નજર સમક્ષ સરસ મજાનું ‘બા’ નું ચિત્ર ઉપસી આવે છે. સરસ મઝાના પ્રભાતિયા ગાતી અને ઘંટી પર દરણા દળતી, કુવામાંથી પાણી સીંચી લાવતી, છાશ વલોવતી, માખણ ઉતારતી, ગાયોને દોહતી, ગાયોને ચારો નાખતી, પક્ષીને ચણ નાખતી અને સરસ મજાના ભજન ગાતા ગાતા રસોઇ બનાવતી,વહેલી સવારના બધાથી જલ્દી ઉઠતી અને રાતના બધાને સુવડાવીને છેલ્લે સુતી, નાના થી લઇને ઘરના વડીલોનું, દરેકની નાની મોટી જરૂરિયાતોનું ધ્યાન રાખતી, બધાને પ્રેમથી જમાડીને છેલ્લે જમતી ‘બા’ ને યાદ કરતાંજ ‘ગૃહિણી’ શું છે તે સમજાઇ જાય છે. ગૃહિણી ફક્ત ઘરનું અને ઘરના લોકોનુંજ ધ્યાન નથી રાખતી પરંતુ તે એક ‘હાઉસ મેકર’ છે.તે મકાનને ઘર બનાવે છે. અને બાળકોમાં સારા સંસ્કારોનું સિંચન કરી દેશ ના એક સારા નાગરિકને પણ જન્મ આપે છે. ગૃહિણીનું કામ સવારના ઉઠતાંજ ચાલુ થઇ જાય છે. રસોઈ કરવી, ખરીદી કરવી, ઘરની સંભાળ રાખવી, બાળકોને સ્કુલે છોડવા તથા પાછા તેડવા, વડીલોનું ધ્યાન રાખવું, તેમને દવા દારૂ આપવા વિગેરે કામોની પાછળ તે સતત ભાગતી જ રહે છે. સામાજિક વ્યવહાર પણ ગૃહિણી ને જ સાંભળવા પડે છે. છતાં પણ તે ક્યારેય કોઇને ફરિયાદ કરતી નથી અને હસતે મોઢે દરેકની સેવા માટે તત્પર રહે છે.

એક સ્ત્રી કોઇની દિકરી હોય ત્યાં સુધીજ કદાચ પોતાના માટે વિચારે છે. લગ્ન બાદ એના જીવનનું કેન્દ્ર એનો પતિ બની જાય છે અને એ કારણે પતિનું આખું કુટુંબ પણ... બાળકો થયા પછી તો એ પોતે પણ પોતાનું અસ્તિત્વ ધરાવે છે, એ વાત પણ ભૂલી જાય છે અને પછી બાળકોને ડોક્ટરની એપોઇન્ટમેન્ટ, એમનો સ્કુલ ટાઇમ, ટ્યુશન, બાળકોની એકસ્ટ્રા એક્ટીવીટી, લંચબોક્સ વિ. પાછી ઘરની જવાબદારી તો ખરીજ... આ બધી દોડધામમાં એના જીવનના અગત્યના ૨૫-૩૦ વર્ષ ક્યાં નીકળી જાય છે એ ખબર જ નથી પડતી. આમેય એનું (ગૃહિણી) નું મહત્વ તો સેવાઓ આપવા પુરતું મર્યાદિત હતું. બધા અગત્યના નિર્ણયો તો એના ઘરના વડીલ અથવા તો પતિ લેતા હતા. હવે એનું શરિર


સાથ નથી આપતું. પહેલાં જેવું દોડતું નથી. ૫૦ વર્ષ થવા આવ્યા અને ભણી ગણીને હોશિયાર બનેલા બાળકો એમ પુછે કે મમ્મી તેં આખી જીંદગી શું કર્યું? ખાલી ઘરમાં ટાઇમપાસ જ કર્યો ને. બાળકો તો ઠીક પણ પતિ પણ જ્યારે એમ કહે કે ઓફિસ જઇને કામ તો હું કરૂં છું, તારે ઘરમાં શું કરવાનું હોય... એ સાંભળીને બહુજ આઘાત લાગે છે. જેમના માટે આખું જીવન ઘસાઈ ગયું એ લોકો આમ પુછે છે! બસ એજ કે તેણે કરેલા દરેક કામના વળતર રૂપે કોઇ મહેનતાણું નહોતું મળતું એટલા માટે? ત્યારે એક 'માં', 'પત્ની', 'ગૃહિણી'ને વિચારે છે. વગર વળતરે બધા સાથે અને બધા માટે જીવી એજ મારો ગુનો? દરેક ગૃહિણી પોતાની કિંમત જાતે કરે અને દિલથી માને કે અત્યારે આ બધા જે છે તેમાં મારો ફાળો ઘણો મોટો છે. ગૃહિણી જ્યારે કુટુંબ સંભાળી લેતી હતી એટલે પતિ બહાર કમાવવા જઇ શકતા હતા. બાળકો આટલું ભણી શક્યા. કારણ કે એક સારી ગૃહિણી એમની બધી સગવડો સાચવવાની સાથે એમના ભણતરમાં ધ્યાન આપતી હતી ઘણી બધી ફરજો જેમ કે સાસરિયા, પિયરિયા, સમાજમાં કે વડીલોની સેવામાં ક્યાંય ઉણી ઉતરતી નથી.મારી દરેક 'ગૃહિણી' ને એક વિનંતી છે કે ઉમરના એક પડાવ પર પહોંચ્યા પછી એને પણ પોતાના માટે વિચારવાનો અને જીવવાનો ચોક્કસ હક છે! પોતાના ભુલાઇ ગયેલ શોખ વાંચન, છોડી દીધેલી ઇચ્છાઓ, પોતાની નાની નાની ખુશીઓ પોતેપણ પોતાની જાતને ખુશ કરવા માટે પ્રયત્ન કરવા જોઇએ.આ વાત પતિને કરી એ રિતે જીવવાનું શરૂ કરશે તો કોઇ પ્રત્યે કોઇ ફરિયાદ નહિં રહે અને મજાથી સમય વિતાવી શકશો અને દરેક ગૃહિણીને એક વાત ચોક્કસ કહીશ કે બહેનો પોતાના આર્થિક ભાગ ચોક્કસ પોતાની પાસે જ રાખવો, એ કોઇને પણ ખુશ કરવા માટે આપી ન દેશો.

**રેખા પ્રકાશ કેનિયા, બેલ્લારી**, ૯૬૬૩૧૪૬૪૬૭



## ઉપકારના આંસુ

# ગીત સૃકૃત્ય



૫૫-૬૦ વરસ પહેલાની વાત છે. એ જમાનાની ફિલ્મોમાં એક સંવેદનશીલ અને હૃદયસ્પર્શી ડાયલોગ હતા," તેરી લડકી સિર્ફ તેરીહી નહી સારે ગાંવકી બેટી હૈ." અને બીજું ડાયલોગ," યે લડકા કુછ કામધંધા કરતા નહી ઔર ગાંવકી લડકીયોંકો છેડતે રહતા હૈ." એક ગામમાં આવોજ એક છોકરો મવાલીની જેમ ફરે, કાંઈ કામધંધો કરે નહી ને છોકરીઓને છેડ્યા કરે, ને હેરાન કરે. એના આ અભદ્ર વર્તનથી ઘરવાળા અને ગામવાળા પરેશાન થઇ જતા. ગામના નગરશેઠ અને છોકરાના પિતા મિત્ર હતા. છોકરાનો પિતા સાધારણ પરિસ્થિતિમાં હતો. નગરશેઠે એ છોકરાના પિતાને બોલાવીને કહ્યું," તારો દિકરો મવાલીની જેમ ફરે છે. એવો અમૂલ્ય સમય ગુમાવે છે, એના માટે તારે કાંઈ કરવું જોઈએ". છોકરાના પિતાએ કહ્યું મારી પાસે એટલી મુડી નથી કે હું એને ધંદે લગાડું. નોકરી એને કરવી નથી. હું તો સમજાવીને થાકી ગયો છું. નગરશેઠે કીધું કે હું થોડા પૈસા આપું, થોડા પૈસા તુ આપ. હા-ના કરતા દુકાન લેવાઇ ગઈ. છોકરાને સમજાવીને દુકાને બેસાડ્યા. રોજની જરૂરીયાતની વસ્તુઓ- સાકર, ચાય, ગોળ, અનાજ ઇ. રોજ ૧૦૦-૨૦૦ રુપિયા મળવા લાગ્યા. છોકરાને ધંધામાં રસ જાગ્યો. ધંધો સારો વધવા લાગ્યો. શેઠ એ જોઇને રાજી થયા. બાજુની દુકાન પણ એમને આપી. માતા-પિતા ખુશ ખુશ થઇ ગયા. ગામના લોકોને પણ એના "આચરણથી" ખુબ રાહત મળી.

છોકરાએ ધંધો ખુબ આગળ વધાવ્યો, શેઠ પાસેથી શેઠની ત્રીજી દુકાન પણ લીધી. હવે હોલસેલનુ પણ ધંધો ચાલુ કર્યો. એમનુ હોલસેલનુ વ્યાપાર ધમ-ધોકાર ચાલી પડયું. છોકરાને વિચાર આવ્યો કે હવે ત્રણ નાની દુકાન કરતા બજારમાં એક મોટી દુકાન લઇ લેવી. વિચાર કરતા મોટી દુકાન પણ લઇ લીધી. એને શેઠે આપેલ ત્રણે દુકાનની જરૂર ન હતી. ત્યારે છોકરો અને એના પિતા નગરશેઠ પાસે ગયા. છોકરો શેઠના પગે પડીને, શેઠના હાથમાં ચાવી સોપતા કીધું કે, તમારો મારા ઉપર ઘણો ઉપકાર છે. તમે મારા ઉપર કરેલ ઉપકારની "પૂર્તી" કેવી રીતે કરૂં. એ કહેતા પિતા- પુત્રની આંખોમા આંસુ આવી ગયા. જેવી રીતે ગુરુ શિષ્યની પ્રગતિ જોઇ પ્રસન્ન થાય તેવીજ રીતે શેઠની આંખોમા આંસુ આવીને એકજ વિચાર આવ્યો- "મારૂં જન્મ સફલ થયો" . આજે કોયલાની ખાણ માથી હિરાનો સર્જન થયું છે. અરે! આ દુકાનની બદલીમા એને ૨૫-૩૦ લાખ મળત. પણ ધન્ય છે એ જીવ પ્રભુ એમનું કલ્યાણ કરે. સમય કોઇ સાથે ક્યારે બદલાય છે, એ કોઇને ખબર નથી. ક્યારેક સમય સાથે વ્યક્તિ બદલાય છે અને બદલાયેલા વ્યક્તિ સાથે, સંસાર આખો બદલાય છે. એવીજ એક વાત અહીં "ગીત સુકૃત્ય" માં રજુ કરેલ છે.



**ગીતા વિરેન્દ્ર છેડા,હુબલી, 9448366364**

# Photos from Hubbali























## Photos from Madurai














## Photos from Gadag












# વાવડને પ્રત્યુત્તર

Vavad is thankful to all the readers. Vavad is grateful to the writers for their contribution of articles and poems.

વાવડમાં પ્રકાશીત થયેલ “**દેહ સ્વાસ્થ્યમાટે સૂકા મેવાના વ્યંજન**” મને ઉપયોગી થયા. આગામી વાવડના અંકોમાં એવી વાનગીઓ પ્રકાશીત કરતા રહેજો.

સૌ.રાખી રોશન મારૂ, હૈદ્રાબાદ

## ઘટકના વાવડ

### બેંગલોર

### શ્રી ક.વી.ઓ.જૈન સમાજ

**વનિતા વૃંદ**

સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા શનિવાર તા. ૧૧-૩-૨૦૧૭ના રોજ બપોરના ૩-૦૦ વાગ્યે શ્રી ડી.વી.વી. ગુજરાતી શાળા મધે યોજવામાં આવી હતી. ખજાનચી શ્રીમતી કલ્પના પરેશ ગાલાએ વાર્ષિક પ્રવુત્તિઓનો અહેવાલ રજૂ કર્યો હતો અને વર્ષ ૨૦૧૬ના હિસાબો રજૂ કર્યા હતાં. ત્યાર બાદ શ્રીમતી કિરણબેન દેઢીયાએ સભ્યોને ગ્રુપ અંતાક્ષરી રમાડી હતી. અંતે અલ્પાહારને ન્યાય આપીને સૌ છુટા પડ્યા હતાં.

**ફાઇનાન્સિયલ પ્લાનીંગ પરિસંવાદ**

આજની ગૃહીણી કુટુંબ પ્રત્યેની જવાબદારી સિવાય પોતાનાં પરિવાર માટે ફાઇનાન્સિયલ પ્લાનીંગ કેવી રીતે કરી શકે એ વિષેની સમજણ શ્રીમતી જયશ્રી મહેતાએ ઉપસ્થિત બહેનોને આપી હતી. ત્યારબાદ બહેનોના પ્રશ્નોનું નિરાકરણ કર્યું હતું.

### ચેન્નઈ

### શ્રી ક.વી.ઓ.જૈન સમાજ

1. મહિલા મંડલ અને યુથવિંગ આયોજિત શરદ પુનમ નિમિત્તે તા. 15/10/2016 ગાંધી બિચપર “ચાંદલિઓ ઉગ્યો આભમાં” કાર્યક્રમ રાખવામાં આવેલ.

2. તા. 6/11/2016 ના નવા વર્ષ નિમિત્તે હાસ્ય દરબાર(comedy factory)નું કાર્યક્રમ અમદાવાદના શ્રી મનન દેસાઈ દ્વારા રજુ કરવામાં આવેલ.

3. શ્રી કચ્છી મિલન ચેન્નાઈ નું માસિક મુખપત્ર “પથિક” 36 માં વર્ષમાં પ્રવેશ કરેલ છે. જાન્યુઅરી 11 થી 13 ની વચ્ચે નાટક યુગપુરૂષ નો આસ્વાદ ઘણા સજ્જનોએ લીધો.

4. તા.22/1/2017 ના ગુજરાતી પિક્ચર “થઈ જશે” નો શો સત્યમ થિએટર માં રાખવામાં આવેલ.

### હૈદ્રાબાદ

### શ્રી ક.વી.ઓ.જૈન સમાજ

સંસ્થા સમાચાર: ક. વિ. ઓ. જૈન સમાજ હૈદરાબાદ દ્વારા નીચે મુજબ કાર્યકમો યોજવામાં આવેલ.

૧) તા ૦૬.૧૧.૨૦૧૬ રવિવારના સાંજે ૪ વાગે હનુમાન વ્યાયામશાળા પ્રાંગણમાં “દિવાળી મેળો” કાર્યકમનું આયોજન કરવામાં આવ્યું, જેમાં વિવિધ ફૂડ સ્ટોલ સમાજના સભ્યો દ્વારા રાખવામાં આવેલ, સંસ્થા તરફથી રમતગમતના સ્ટોલ રાખવામાં આવેલ તેમજ બાળકો માટે ઊંટ-ઘોડાની સવારી અને ફન ઝોન રાખવામાં આવેલ, મનોરંજન માટે સંગીત

તથા મ્યુજીકલ તમ્બોલાનું આયોજન કરવામાં આવેલ, અંદાજે ૫૫૦ સભ્યોએ આ મનોરંજન કાર્યક્રમને ઉત્સાહપૂર્વક માણેલ. આ કાર્યકમમાં સહાયરૂપ થનાર સર્વે કાર્યકરો તથા બેનર દાતાઓનો ખુબ ખુબ આભાર. હરીફાઈઓના સર્વે વિજેતાઓ ને ઇનામો શ્રી ભાવેશભાઈ મગનલાલ ભેદા તરફથી આપવામાં આવેલ, જેમનો ખૂબ ખૂબ આભાર.

૨) હૈદરાબાદ કચ્છી સમાજની માતૃ સંસ્થા શ્રી કરછી મિત્ર મંડળના નેજા હેઠળ અન્ય ૬ કચ્છી સંસ્થાઓના સહયોગથી "શ્રી ધનજીભાઈ લખમશી સાવલા અભિવાદન સમારોહ" નું ભવ્ય આયોજન કરવામાં આવેલ. આ સમારોહના મુખ્ય કન્વીનર તરીકે ક વિ ઓ જૈન સમાજના પ્રમુખશ્રી નીતિનભાઈ ધરોડની નિમણુક કરવામાં આવેલ જેમણે આ ભવ્ય કાર્યકમનું સફળતાપૂર્વક આયોજન કરેલ.

૩) શ્રી કરછી મિત્ર મંડળ દ્વારા આ સમયગાળા દરમ્યાન યોજાયેલ વિવિધ સમિતિઓ મનોરંજન, મહિલા, શાંતિવન, હેલ્થ કેર, શાંતિ પ્રાયમરી સ્કૂલ, શિક્ષણ, માનવ મિત્ર મૂઠીભર અનાજ વિભાગ, સાદાઈથી લગ્ન યોજના તથા અન્ય વિવિધ સમિતિઓના કાર્યક્રમોમાં આપણા સભ્યોએ ઉત્સાહપૂર્વક તન-મન-ધનથી સહભાગી રહ્યા હતા.

૪) આગામી કાર્યકમ : શ્રી કચ્છી વિસા ઓસવાલ જૈન સમાજ હૈદરાબાદ સંસ્થાને ૨૫ વર્ષ થતા હોઈ ઉજવણી રૂપે એક ભવ્ય સિલ્વર જ્યુબિલી કાર્યક્રમનું આયોજન કરવા તડામાર તૈયારીઓ ચાલી રહેલ છે. આ પ્રસંગે લેટેસ્ટ માહિતીસભર વસ્તીપત્રકનું પ્રકાશન કરવામાં આવશે તેમજ સમાજના દરેક સભ્ય પરિવારજનો માટે દરેક ક્ષેત્રે ડિસ્કાઉન્ટ ઉપલબ્ધ થાય એ માટે ક વિ ઓ પ્રિવિલેજ કાર્ડ આપવામાં આવશે.

## શ્રી ક.વી.ઓ.જૈન સમાજ — મદુરાઇ

### સેવા સમાજ:

૧. નવરાત્રી નો તહેવાર ખુબજ ધામધૂમથી ઉજવાયો. રૂમીબેન સંગોઈઅને એમની ટીમે અવનવી હરીફાઈઓ યોજી હતી. ખેલૈયા મન મુકીને રમ્યા.

૨. **તા. ૨૭-૧૧-૧૬** : આજકાલ સ્માર્ટ ફોન વગર કોઈને પણ ચાલતું નથી. પણ ક્યારેક એની નવી નવી ટેકનોલોજી બધાની સમજમાં આવતી નથી. આ સ્માર્ટ ફોનને સહેલાઈથી કેવી રીતે વાપરી શકાય એની માહિતી શ્રી રાજેશ વોરા એ power point presentation દ્વારા આપી.

૩. **તા. ૧૮-૧૨-૧૬** : નવેંબર મહિનામાં પ્રધાનમંત્રી શ્રી મોદી સાહેબે કહ્યું કે હવેથી ૫૦૦-૧૦૦૦ ની નોટો નહીં ચાલે અને આખો દેશ સ્તબ્ધ થઈ ગયો. હવે શું કરવું ? આમાંથી કેમ રસ્તો કાઢવો ? એ વિષે સચોટ માહિતી આપવા પી. સી. જૈન આવ્યા હતા.

૪. **તા. ૩૧-૧૨-૧૬** : "તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા" ના કલાકાર જેઠાભાઈ એટલે દિલીપ જોષી મદુરાઈની મુલાકાતે આવ્યા હતા. થોડો સમય મળતા સમાજના સભ્યોને મળવા આવ્યા હતા.એમની સાથે વાતો કરવાની, હસી-મજાક કરવાની, એમની સાથે ફોટો પડાવવાની સૌને મજા આવી,

**૫.તા.:- ૨૯-૧-૧૭** : આપણું પુરાતન સ્થાપત્ય શાસ્ત્ર ઉચ્ચ કોટીનું છે. તેમાં ખાસ કરીને દક્ષિણ ભારતની અમુક ઈમારતો ખરેખર વખાણવા લાયક છે. શ્રી જયેશભાઈએ આ પુરાતન સ્થાપત્ય ની ખુબીઓ સમજાવી અને "golden ratio" ના બારામાં બતાવ્યું.

**૬.તા. ૧૯-૨-૧૭** : "મેરે દેશકી ધરતી" નામક કાર્યક્રમ રજુ થયો. મહારાષ્ટ્ર કોલ્હાપુર થી આવેલ ૨૫ જણના ગ્રુપે દેશભક્તિ પર આધારીત એક સરસ કાર્યક્રમ રજુ કર્યો. -સારે જહાઁસે અચ્છા હિન્દોસ્તાઁ હમારા .... -અયે મેરે વતનકે લોગોં....- જહોં ડાલ ડાલ પર સોનેકી...- સંદેશે આતે હૈં.....- અયે વતન અયે વતન...- મેરા રંગ દે બસંતી ચોલા...
જેવા અનેક સદાબહાર ગીતો સાંભળી સૌના તન અને મન ઝુમી ઉઠ્યા.

**૭. ૨૬-૩-૧૭** : આપણી ગુજરાતી ભાષા આપણે હવે ધીરે ધીરે ભુલી રહ્યા છીએ. અને બોલીએ છીએ તો પણ એમાં બીજી ભાષાઓના ઘણાં શબ્દોનો વપરાશ કરીએ છીએ. મુંબઈ ના એક ભાઈ શ્રી દિલીપભાઈ દોશી, આપણે અને આપણાં બાળકો શુદ્ધ ગુજરાતી લખીએ બોલીએ એ માટે પ્રયત્નશીલ છે. તેઓ મદુરાઈ આવ્યા હતા. આપણી ભાષા વિશે ખુબજ

સરસ માહિતી આપી તેમજ ફીઝીયો થેરપી વીશે પણ સમજાવ્યું.

૮. **૨૨-૪-૧૭** : વાર્ષિક સામાન્ય સભા : તત્કાલિન પ્રમુખ ભારતી સંગોઈ અને મંત્રી અમર વોરા ની ટર્મ પુરી થતાં રંજનબેન શાહ પ્રમુખ પદે અને હેપીન લાલન મંત્રી પદે નિમાયા.

### મહિલા મંડળ

૧. તા.૧૯-૧૧-૧૬ ગ્રંથોની જાણકારી : આપણાં દેશમાં હરેક ધર્મ ના અલગ અલગ ગ્રંથ છે જેવા કે આગમ, ભગવત ગીતા, રામાયણ, મહાભારત,વેદ,કુરાન, બાયબલ,આવા તો ઘણા બધા! આ બધા ગ્રંથો વિશે માહિતી આપી હતી પ્રીતીબેન તથા રચનાબેને.

૨. તા.૨૨-૧૨-૧૬ ડિસ્કો પાર્ટી: ૨૦૧૬ પુરૂ થઈ રહ્યું હોવાથી બહેનો તથા બાળકોએ ડિસ્કો ડાન્સની ખુબ મજા માણી.

૩. તા.૨૬-૧૨-૧૬ વાર્ષિક સામાન્ય સભા: નવા હોદ્દેદારોની નિમણૂક થઈ. ભારતી સંગોઇ પ્રમુખ અને સીમા દેઢીયા મંત્રી બન્યા.

૪. ૨૮-૧-૧૭ - પોંગલ, બૈસાખી ,ઉતરાણ , મકર સંક્રાંતિ નામ અનેક પણ એકજ દિવસે વિવિધ જગ્યાએ વિવિધ રુપે ઉજવાતા આ તહેવારને વિવિધ રૂપે ઉજવ્યો.

૫.૨૧-૨-૧૭ મદુરાઈ થી ૧૦ કિ.મી. પર આવેલ પેરીઝ બીસ્કીટ ફેક્ટરી ની મુલાકાત લિધી . ત્યાથી નજીક આવેલી મીલ્ક ડેરી ની પણ મુલાકાત લીધી.

૬. ૨૫-૩-૧૭ અંતાક્ષરી : સીમાબેન દેઢીયાએ અલગ અલગ રાઉન્ડ થી અંતાક્ષરી રમાડી. લુક એન લર્ન ના બાળકોએ આવી કાળઝાળ ગરમી માં અનાથ આશ્રમના બાળકોને ગરમી થી રાહત મેળવવા બોળકોને આઈસ્ક્રીમ ખવડાવી.

૬. ૨૨-૪-૧૭ : દુલ્હન શણગાર હરીફાઈનું આયોજન થયું હતું.દિકરીઓ એ મમ્મી ને શણગારવાની હતી.નાની બાળાઓ એ મમ્મીઓને ખુબજ સરસ શણગારી હતી.ત્યાર બાદ બિજા રાઉન્ડસ પણ હતા જેવા કે સવાલ-જવાબ રાઉન્ડ,જલ્દી નોટો મોજવી,વગેરે. બધાને ખુબજ મજા આવી.

---

## શ્રી ક.વી.ઓ.જૈન સમાજ

**ઉત્તર કર્નાટક**

## ૧. હુબલી

એક વિરલ નિઃસ્વાર્થ-કર્તવ્યનિષ્ઠ-સમાજપ્રેમી સૌના લાડીલા શ્રી વિરેંદ્રભાઇનુ સત્કાર સમારંભ તા. ૧૧-૯-૨૦૧૬ દિવસે, શ્રી કચ્છી દશા ઓશવાલ મહાજન દ્વારા ગુજરાત ભવનમાં રાખેલ. શ્રી વિરેંદ્ર દામજી છેડાનુ અભુતપૂર્વ વ્યક્તિત્વ સત્કાર્યોની સુવાસ ફેલાવવા સદા તત્પર રહે છે. Medical કાર્યો જેમાં સરળતાથી સૌને ડોક્ટરથી હોસ્પિટલ સુધી સાચી સલાહ આપી તન-મન-ધનથી મદદરૂપ થાય છે. Education માં તો બધાને ઘણીજ ખુબજ નિસ્વાર્થ સેવા આપે છે. કેટલા પણ કઠિન પ્રશ્નો હોય કે સમસ્યા હોય- જેનો ઉકેલ એમના પાસે " Ready Reconer" જેવો છે. આજની યુવાન પેઢીને સતત પ્રોત્સાહન આપીને સૌનો પ્રેમ સંપાદન કર્યો છે. એમનુ એકજ 'બ્રહ્મ' વાક્ય "કાંઇ વાંધો નથી" ચિંતા કરતા નહીં- મુંઝાશો નહી- હું તમને કરી આપીશ ને જરુરજ કરી આપે છે. એવા શ્રી વિરેન્દ્રભાઈનુ સન્માન શ્રી K.D.O. સમાજ, શ્રી દિગંબર સમાજ, શ્રી મરુધર મારવાડી સમાજ, શ્રી ગુજરાત સમાજ અને શ્રી પાટીદાર સમાજે કરેલ. ધન્ય છે એમની "ગરીમા". શ્રી અચલગચ્છના પ.પુ.સાધ્વી શ્રી વિજયપુર્ણાશ્રી આદી ઠાણાનુ ચોમાસાનુ પૂર્ણાહુતિનુ "ઠાણા-ઉ-ઠાણા"નુ લાભ સૌ. ગીતા વિરેન્દ્ર છેડા એ લીધેલ. અને સાથે-સાથે એક અમુલ્ય લાભનો લાવ્હો- "શ્રી જીરાવલા પાર્શ્વનાથ ભગવાનનુ" "લબ્ધિકુંડ" નુ લાભ પણ શ્રી વિરેન્દ્રભાઈએ લીધેલ. પ.પુ. શ્રી સાધ્વીજી મહારાજ સાહેબનુ પરિવર્તનનુ વરઘોડો અને "શ્રી લબ્ધિકુંડ"નુ વરઘોડો શ્રી વિરેન્દ્રભાઈના ઘરે વાજતે-ગાજતે આવેલ, સાથે પધારેલ ૨૦૦ થી વધુ શ્રાવક-શ્રાવિકાનુ નવકારશીનુ લાભ પણ લીધેલ. અંતરથી "અનુમોદના- અનુમોદના".... જય પાર્શ્વનાથ.

**ગીતા વિરેન્દ્ર છેડા**

# યુથ કેમ્પ ૨૦૧૭ – દાંડેલી

તા. ૩ અને ૪ જુન ૨૦૧૭ "યુવા મેલા" નું આયોજન યુ. કે. જી. ઘટકે હુબળી થી ૭૦ કિ. મી. દુર દાંડેલીના "મેજેંટા રિસોર્ટ" માં યોજાયેલ. દાંડેલી જંગલ એરિઆ છે અને વરસાદ ની શરૂઆતમાં ભિનું ભિનું વાતાવરણ બધાને ઉત્સાહિત કરે. હુબળી, ગદગ, ગુલબર્ગા, બેંગલોર, હૈદ્રાબાદ, ચેન્નઇ, મંડ્યા,મૈસુર અને મદુરાઈ થી ૫૪ જેટલા યુવા-યુવતીઓ એ ભાગ લીધેલ. કમિટી મેમ્બર, વોલિન્ટિઅરસ અને પાર્ટિસિપન્ટસ બધા મળીને ૮૦ લોકોની હાજરી હતી.

તા. ૩ જુનના સવારના બધા હુબળી પહોંચી "મેફેઅર" ઓડિટોરિઅમમાં નાશ્તો પતાવી દાંડેલી જવામાટે બસમાં રવાના થયા. જ્યા નજર પહોંચે ત્યા લિલાછમ મોટા, લાંબા ઝાડ જોઈને બધાએ પ્રવાસનો આનંદ માણ્યો. ૧૨:00 વાગે રિસોર્ટમાં પહોંચી રુમ અલોટમેંટ થયા બાદ બધા ફ્રેશ થઈ જમવામાટે મળ્યા. જમવા સાથે બધાની ઓળખાણ વિધી થઈ. જમ્યા બાદ યુવા-યુવતીઓના બે ગ્રુપ બનાવામાં આવ્યા. એક ગ્રુપ લેક ક્રાસીંગ,કયાકિંગ,ઝિપ લાઈન અને બર્મા બ્રિજ જેવી વૉટર એક્ટિવીટી- માટે લેકમાં ગયા અને બીજા ગ્રુપને આર્ચરી,ટારગેટ શુટીંગ,સ્વિમીંગ જેવી એક્ટિવીટી કરવા આપી. બધાને એક્ટિવીટીજનો મનભરીને આસ્વાદ લીધો. ટિ-બ્રેક પછી ટીમોએ એક્ટિવીટીની અદલાબદલી કરી. વરસાદની ઝિણીઝિણી ફુઆરમાં બધાએ ખુબ મજા માણી. સાંજના બધા ફ્રેશ થઈ ડિનર માટે ભેગા થયા. ખાવાની વ્યવસ્થા યુવાપિઢી ની પસંદગી ધ્યાનમાં રાખીને કરવામાં આવી હતી. ડિનર બાદ ઈનડોઅર ગેમ્સ રમાડવામાં આવી હતી.ત્યાર બાદ કેમ્પ ફાયરની ગરમી સાથે ડિજે ની તાલ પર બધા ઝુમવા લાગ્યા હતા. બધાએ આઈસ્ક્રિમ અને કપ કેક નો આસ્વાદ લીધો.

તા.૪ જુન ના સવારના ૭ વાગે નેચર વૉક અને બર્ડ વૉચિંગમાં બધાને મોટા-મોટા ઝાડની ઓળખાણ સાથે વિવિધ પક્ષીઓ જોવા મળ્યા. નદીનું ખળખળતું પાણી, ઊપર સ્વચ્છ આકાશ અને પ્રકૃતી સાથે બધા શહેરની ભાગદોડ ભુલી ગયા હતા. ત્યારબાદ બધાને નાશ્તા પછી ટ્રેઝર હંટ રમાડવામાં આવી. યુવાઓનો જોશ અને ઉત્સાહ જોવા જેવો હતો. ત્યાં હાજર લેડીઝ માટે ગીતાબેને સાપસિડી અને કલર ઓળખની સરસ ગેમો રમાડી. હૈદ્રાબાદથી આવેલા આશાબેને લેડીઝને હાઉઝીની નવનવી રમતો શીખાડી. સવારના ૧૦:૩૦ વાગે કમિટી મેમ્બર્સ ની મિટીંગ થઈ. જમવા સાથે ડી.બિ.કે.વી.ઓ. પ્રમુખ શ્રી વિરેન્દભાઈ છેડાએ યુવાઓને યુથકેમ્પ માટેનો ફિડબેક લિધો. બધાએ ખુબ એન્જોય કર્યાનો પ્રતિસાદ આપ્યો. પણ તેઓ યુથકેમ્પનું સમય વધારવાની વાત પણ કરી. કમિટી મેમ્બર્સ એ વિરેન્દભાઈના નેજા હેઠળ કરેલ યુથકેમ્પની વ્યવસ્થા બદ્દલ ગુંજન, રાહુલ, પ્રતિક અને પ્રશાંતભાઈની ખુબ સરાહના કરી. હર્ષદ છેડાએ ફોટોગ્રાફીથી યુથકેમ્પની યાદો કૈદ કરી લીધી. બપોરના ૩:૩૦ વાગે હાય-ટી પતાવીને બધા લોકો હુબળી માટે રવાના થયા.સાંજના ૫ વાગ્યા પછી હુબળીમાં 'મેફેઅર' ઓડીટોરિઅમમાં જમીને બધા પોતપોતાના ગામે રવાના થયા.

---

## યુથકેમ્પ-૨૦૧૭ ને પ્રતિસાદ

1. On behalf of K.V.O. Jain Samaj Hyderabad, I would like to thank the organizing committee of Uttar Karnataka Ghatak for arranging such a wonderful youth camp in the thick forest of Dandeli. Comfortable stay, Excellent Environment, Delicious food, Adventurous games, Comfortable Transportation, Good hospitability. Overall Review : Five ★★★★★ Stars

**Nitinbhai Shah,Hyderabad**

2. Three cheers to UKG for mind blowing arrangements for youth camp. All the participants enjoyed, thanks to all UKG Team. **Kiran Rambhiya,Hyderabad**

3. Congratulations UKG for successful youth camp. Excellent Team Work, everyone enjoyed. 3 cheers to committee members. **Rashmikant Vichivora,Banglore**

4. Congratulations UKG for successful youth camp. Excellent Environment, Excellent Food, Comfortable Stay. Everyone enjoyed, Thanks for all **Visanji Gangar, Chennai.**

Prop: **DISHANT GALA**

**330 ml**




**250 ml**




# RED BULL GIVES YOU WINGS.

# Shri Mahaveer Agencies

## Bank Road, GADAG. Cell : 9986513052

With BEST COMPLIMENTS
from

# Shree Chandan Corporation

**Dealers in: SPICES, DRY FRUIT & KIRANA ETC**

**Deepak : 9246821717**
**Ravi : 9246354561**
**Sachin : 9246825959**
**Sameer : 9246821919**

Plot No.190, Sri Krupa Market, Mahboob Mansion
Malakpet, HYDERABAD : 500036
Ph: 040-24555511, 65705511
Email : chandantiptop@gmail.com, tip.top_scc@yahoo.co.in

# જીવનચક્ર

## દેવના દીધેલ

### હૈદ્રાબાદ ઘટક: પુત્ર જન્મ

| | |
|---|---|
| ૧) શ્રીમતી જીગના પારસ ભુપેન્દ્ર વીરા | ડોણ |
| ૨) શ્રીમતી અંકિતા ઉમેશ નરેન્દ્ર વોરા | મુન્દ્રા |
| ૩) શ્રીમતી રોશની તેજસ હરીશ ગાલા | વડાલા |
| ૪) શ્રીમતી હેનલ ગૌરવ કીર્તિ ગાલા | લાખાપુર |
| ૫) શ્રીમતી જીનલ ચેતન વિશનજી મારૂ | ડુમરા |

### <u>પુત્રી જન્મ</u>

| | |
|---|---|
| ૧) શ્રીમતી ભાવિની ભાવેશ તારાચંદ હેણીયા | સાભરાઈ |
| ૨) શ્રીમતી પ્રિયા અંકિત વસંત સાવલા | કોટડી મહાદેવપુરી |
| ૩) શ્રીમતી કિરણ રાહુલ અમરચંદ વોરા | નારાણપુર |

---

## ગોળધાણા

### હૈદ્રાબાદ ઘટક

| | | |
|---|---|---|
| ૧. ૨. ચિ. પુજન પરેશ ધનજી સૈયા | બેરાજા | હૈદરાબાદ |
| ચિ. પૂર્વી હરખચંદ ખેતશી ગડા | મોટા રતડીયા | કરાડ |

### મદ્રાઈ ઘટક

| | | |
|---|---|---|
| ૧. ચિ. રિધ્ધિ કિશોર સંગોઈ | કપાયા | મદ્રાઈ |
| ચિ. અરુણ શાંતિલાલ ગાલા | નાના આસંબીયા | ચેન્નઈ |
| ૨. ચિ. બિજલ રાજેન છેડા | કુંદરોડી | મદ્રાઈ |
| ચિ. નિશીત હરિષભાઈ ગાલા | દેવપુર | સોલાપુર |

### ચેન્નઈ

| | | |
|---|---|---|
| ૧. ચિ. શેફાલી નિલેશ કાંતીલાલ દેઢિયા | બિદડા | ચેન્નઈ |
| ચિ. મિહીર સુરેશભાઈ | બાગડવાળા | સુરત |
| ૨. ચિ. આકાંક્ષા કલ્પેશ ભવાનજી સાવલા | વાંકી | ચેન્નઈ |
| ચિ. યશ મુકુંદભાઈ પ્રેમજી છેડા | કુંદરોડી | મુંબઈ |
| ૩. ચિ. દર્શન પંકજ હિરજી મોતા | નવીનાર | ચેન્નઈ |
| ચિ. કૃતિ હિતેશ અમૃત સોની | ડુંગરગઢ | ચેન્નઈ |
| ૪. ચિ. રિધ્ધી નરેશ વલ્લભજી દેઢિયા | ના. ખાખર | ચેન્નઈ |
| ચિ. ઋષભ નવીન પ્રેમજી ગાલા | ના. ભાડિયા | મુંબઈ |

# કુમકુમ પગલા

## હૈદ્રાબાદ ઘટક

| | | |
|---|---|---|
| ૧. ચિ. વિરેન વલ્લભજી વિશનજી સાવલા | બેરાજા | હૈદરાબાદ |
| ચિ. હર્ષલા ચંદનમલ બરદિયા | | ધુલિયા |
| ૨. ચિ. કૌશિક માવજી નેણશી ગાલા | ઉનડોઠ મોટી | હૈદરાબાદ |
| ચિ. ઇશિતા જવેરચંદ કુંવરજી મૈશરી | બાંડિયા | હૈદરાબાદ |
| ૩. ચિ. કુમાર લાલજી રવજી દેઢિયા | ભુજપુર | હૈદરાબાદ |
| ચિ. વૈશાલી લક્ષ્મીચંદ સુંદરજી નાગડા | ભોજાય | હૈદરાબાદ |
| ૪. ચિ. મયુર પંકજ ચીમનલાલ રાંભીયા | સમાઘોઘા | હૈદરાબાદ |
| ચિ. નીરા મોહનલાલ ખીમજી પાસડ | સાભરાઈ | નાગપુર |
| ૫. ચિ. યશ હરીશ લખમશી ગડા | ભોજાય | હૈદરાબાદ |
| ચિ. પૂજા અરવિંદ છગનલાલ મહેતા | પ્રતાપગઢ | હૈદરાબાદ |
| ૬. ચિ. માનસી નિલેશ ચુનીલાલ સંઘોઈ | કપાયા | હૈદરાબાદ |
| ચિ. અરવિંદ અંજનકુમાર યાદવ | | હૈદરાબાદ |
| ૭. ચિ. અક્ષિતા રાજેશ ખીમજી ગડા | ભોજાય | હૈદરાબાદ |
| ચિ. જય રમેશ વિસરીયા | સાભરાઇ | સોલાપુર |
| ૮. ચિ. હાર્દિક જીતેન અમૃતલાલ ભેદા | સમાઘોઘા | હૈદરાબાદ |
| ચિ. બીજલ નીતીન્ચંદ વિશનજી હરીયા | શેરડી | હૈદરાબાદ |
| ૯. ચિ. નેહા મનોજ હીરજી સાવલા | બેરાજા | હૈદરાબાદ |
| ચિ. ચિંતન નવીચંદ્ર મહેતા | મોરબી | હૈદરાબાદ |

## બેંગલોર ઘટક

| | | |
|---|---|---|
| ૧. કુ. નેહા ધીરજ કાનજી નાગડા | કારાઘોઘા | બેંગલોર |
| ચી. અધીશ હેમેન્દ્ર કાન્તીભાઈ ઝવેરી | ભુજ | પુના |
| ૨. કુ. મેહલ રશ્મીકાંત વિછીવોરા | કોટડા(રોહા) | બેંગલોર |
| ચી.નિશાંત હરીશ જવેરચંદ ગાલા | દેવપુર | શોલાપુર |

## ચેન્નાઈ ઘટક

| | | |
|---|---|---|
| ૧. કુ. ખુશબુ ચંપક જેઠાલાલ ભેદા | સમાઘોઘા | ચેન્નાઈ |
| ચિ. શશાંક ડાયાલાલ ભવાનજી ગાલા | ભોજાય | મુંબઈ |
| ૨. ચિ. અક્ષિત કલ્પેશ ભવાનજી સાવલા | વાંકી | ચેન્નાઈ |
| કુ. ધ્વનિ દિપેશભાઈ હરિયા | જામનગર | મુંબઈ |

**ઉત્તર કર્નાટક ઘટક : હુબળી** : ચી. પ્રતિક વીજય છેડા
ચી. માનસી પ્રતિક છેડા

# પરલોક ગમન

**ચેન્નાઈ ઘટક:**

| | | | |
|---|---|---|---|
| ૧) માતુશ્રી કંકુબેન મંગલદાસ ભેદા | ઉ.વ. ૯૨ | ભુજપર | ૨૬/૩/૨૦૧૭ |
| ૨) શ્રી વસંત તલકશી સાવલા | ઉ.વ. ૯૨ | વાંકી | ૨૮/૪/૨૦૧૭ |

## હૈદ્રાબાદ ઘટક

| | |
|---|---|
| ૧) સ્વ. સરસ્વતી ખીમજી કારાણી | ડુમરા |
| ૨) સ્વ. કિશોર ધનજી હરિયા | સાભરાઈ |
| ૩) સ્વ. ખીમજી વેલજી ગડા | ભોજાય |
| ૪) સ્વ. ચંદ્રાબેન હરીલાલ ભીમશી સાવલા | સમાઘોઘા |
| ૫) સ્વ. જવેરબેન નરશી ગોસર | મંજલ રેલડીયા |
| ૬) સ્વ. સાકરબેન નાનજી સાવલા | વાંકી |

**બેંગલોર ઘટક** ભાવિક તરુણ નાગડા ઉ.વ. ૨૨

# મહિલા MUNCH

## દેહ સ્વાસ્થ્ય માટે ફળોના વ્યંજન

### 1. લિંબુનું શરબત

લીંબુનું રસ ૮૦૦ગ્રામ, આદુનો રસ ૩૦૦ગ્રામ થી ૪૦૦ગ્રામ, સિંધાલુણ 20ગ્રામ, સંચળ 20ગ્રામ, હિંગ ૫ ગ્રામ તથા સાકર (ખાંડ) 1 કિલો લેવી. પ્રથમ ખાંડ તપેલામાં નાખી, તેમાં લીંબુ-આદુનો રસ નાખી પકાવો. તેની 1||તારી ચાસણી તૈયાર થાય ત્યારે તેમાં સિંધાલુણ, સંચળ અને હિંગ ખાંડી નાખી,શીશામાં ભરી લો.આ શરબત જરૂર પડે પીવાથી અપચો, અજીર્ણ ના ઝાડા, કોલેરા,મરડો, અરૂચિ, મંદાગ્નિ, કબજિઆત, પેટનું શૂળ, ઉલટી અને ઉદર-કૃમી મટે છે.આ શરબત થી ભૂખ સારી લાગે છે અને પાચન સારૂં થાય છે.

### 2. રાયણ –પાક

૫૦૦ ગ્રામ સારી પાકી રાયણ અથવા રાણ કોકડી લાવી ,તેનાં બી કાઢી નાખીને ખાંડી લેવી. પછી તેને કઢાઈમાં ૧૦૦ ગ્રામ ઘીમાં બરાબર સાંતળી લો.તે પછી ધોળી મુસળી , કાળી મુસળી (ન મળે તો શતાવરી અને જેઠીમધ લેવા) કૌચાનાં બી, ગોખરૂ, ગુંદકણી, સૂંઠ, મરી, તગર, જાયફળ, જાવંત્રી, એલચી, તજ અને લવિંગ એ દરેકનું ચુર્ણ ૫-૫ ગ્રામ કરી લો.પછી ૪૦૦ગ્રામ ખાંડની ચાસણી બનાવી,તેમાં શેકેલી રાયણ તથા બિજી તૈયાર ખાંડેલી દવાઓ નાખીને પાક બનાવી લો.આ રાયણ રોજ સવાર-સાંજ ૧૦ થી ૨૦ ગ્રામ ખાવાથી શરીરમાં શક્તિ, બળ અને વીર્યની વૃધ્ધી થાય છે. તેથી મગજ અને શરીર પુષ્ટ થાય છે.



## શાંત પળોમાં વિચારજો

દિવાળી આવી, દિવાળી આવી, કેટલા બધા કામો કરવાના છે. ઝાપટ, ઝુપટ, સાફ-સફાઈ, ઘસવું-ધોવું, નાસ્તા બનાવવા, મિઠાઈ, ફરસાણ બનાવવા, આવુ બધું કરીને તમે ઈંટ અને સિમેન્ટ, માટીથી બનેલા તમારા નિર્જીવ મકાનને સ્નાન વગેરે કરી કરાવીને મિઠાઈ ફરસાણના સાજ-શણગારથી સજાવી દીધું. એટલેથી કયાં પત્યું. ધનતેરસ આવી ધનની પુજા કરી, દિવાળી આવી લક્ષ્મીની પુજા કરી. પુજાથી પત્યું નહી. કકળાટ કાઢીને કાળી ચૌદશને મનાવી લીધી. આ બધા ટેન્શનને તમે માથામાં રાખી શરીરના થાક સાથે, બધું પુરું કરતા, હાસકારો અનુભવ્યું.

હાસકારો બધા નથી અનુભવી શકતા. કારણ દિવાળી પછી આવન-જાવન ચાલુ થઈ જાય છે. સાલમુબારક માટે અહીં પણ વિરામ નથી, પરંતુ આપણે વિરામ મુકીએ. આટલા બધા દિવસોમાં તમે શું ખોયું તે જુઓ. અગર તમે રોજ

ભીના કે સુકા કપડાથી રોજ થોડી થોડી સફાઈ કરતા રહો. એટલેકે વારાફરતી બીજા કે ત્રીજા દિવસે રૂમ સાફ થતા રહે. તો રોજીંદા કામમાં સફાઈ થઈ જાય અને દિવાળી દરમ્યાન ચોમાસાના દિવસો હોય તો ત્યારે તમારા તપ, જપ, વ્યાખ્યાન, સામાયિક, પ્રતિક્રમણ વગેરે કામોમાં અંતરાય ન પડે. હીરા જેવા તારા મનુષ્ય જન્મમાં સોના જેવો કિંમતી સમયનો ઉપયોગ તું, સામાયિક અને પ્રતિક્રમણ જેવા અમુલ્ય ખજાના માટે વાપરો.

ધનની પુજા, લક્ષ્મી પુજા, કકળાટ કાઢવો આવા બધા કામો તમારા પુર્વજોએ કર્યા છે. તમારા મમ્મી-પપ્પાએ પણ કર્યા છે. અને તમે પણ કરો છો. તો હવે વિચારો. એનાથી તમે શું ખોયું. જે ધનની પુજા કરી. તેજ ધન તમારી કેટલી પેઢીનું છે. એ ધન, એ લક્ષ્મી ચંચળ છે. એ તમારી પુજાથી નહીં. પરંતુ તમારા નસીબમાં જયાં સુધી હશે. ત્યાં સુધી તમારી પાસે રહેશે. તમારા પુણ્ય ખતમ થશે. ત્યારે એ પણ ચાલી જશે. માટે એની પુજા કરવાની જરૂર નથી. દિવાળીના દિવસે ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા ત્યારે ૧૮,૦૦૦ દેશના રાજવી ભગવાનની અંતિમ વાણી સાંભળવા આવ્યા હતા. અને તેઓએ છઠ્ઠ કરી હતી. કારણ ભગવાનની દેશના બે દિવસ સુધી ચાલુ હતી. તો તમે તીર્થંકર પ્રભુના ભક્તો છો. મહાવીરના શ્રાવકો છો. સમજો, સમજાવો અને તમારા માટે તમારું હીત શેમાં છુપાયેલું છે. એનો વિચાર કરો. શાંત પળોમાં જરૂર વિચારજો.

**પ્રભા શાંતિલાલ છેડા,( બારોઇ) બેલ્લારી.,(૯૪૮૦૧૯૬૬૫૫)**



# "દક્ષિણ ભારત ક. વિ. ઓ. જૈન એકમ" રજતજયંતી

દક્ષિણ ભારતમાં સ્થાયી ક. વિ. ઓ સમાજનાં સર્વાંગી ઉત્કર્ષ ઘડતરનાં ઉદ્દેશ્યથી સ્થાપયેલી સંસ્થા "દક્ષિણ ભારત ક. વિ. ઓ. જૈન એકમ" રજતજયંતી (૨૫વર્ષ) પુર્ણ કરી સફળતાના સોપાન તરફ પ્રયાણ કરી રહી છે. તે પ્રસંગે પ્રસન્નતા અનુભવી શુભેચ્છાઓ વ્યક્ત કરું છુ. વિવિધ ઘટકોના આગેવાનો, સાથી કાર્યકરોની પોતાના કાર્યક્ષેત્રે લીધેલ જહેમતનો હુ સાક્ષી છું. આ શુભ અવસરે તેમને ધન્યવાદ પાઠવું છું. મારાં જીવનના ૫૦માં વર્ષે પ્રફુલભાઈના સ્વપ્નને સાકાર કરવાની જવાબદારી તેમના આગ્રહથી મારા પર આવી. ને મારા જીવનના ૭૫માં વર્ષે, ને લગ્નના ૫૧માં વર્ષે એકમ ૨૫ વર્ષ પુર્ણ કરે એવા સંજોગો માટે હું મારી સ્વને ભાગ્યશાળી માનું છું. સૌનો આભારી છું. યુવાન કાર્યકરો માટે વિવિધ ઘટકોના આગેવાનો કાર્યકરોએ " રાજમાર્ગ" અને " મંઝીલ" તૈયાર કરી આપેલ છે. હવે " ઈન્ટરનેટ'' ના યુગમાં તેઓ ક્રાંતિકારી માર્ગ અપનાવી એકમની પ્રવૃત્તિઓમાં " યુવાની'' જોશ લાવી, એકમનો સુવર્ણજયંતી વર્ષ ઉજવે એજ કામના, શુભેચ્છા. આ ભગીરથ કાર્યમાં સમસ્ત સમાજની સામુહિક ઈરછાશકિત, શ્રધ્ધા એવમ્ સંકલ્પની જરૂરત પડશે. સંસ્થાની દરેક પ્રવૃત્તિમાં રસપૂર્વક ભાગ લેવાની ભાવના જરૂરી હશે.વિતેલા સફળ ૨૫ વર્ષની પ્રવૃત્તિઓ ચિત્ર.આછી જલક

૧) વિવિધ ઘટકોના આતિથ્યમાં૯ મહાસંમેલોનું સફળ આયોજન. ક. વિ. ઓ. સમાજનાં સામાજિક કાર્યકરો, આગેવાનો એવમ્ વિચારકોનો અતિથિ વિશેષ તરીકે લાભ મળ્યો.

૨) ત્રિમાસીક મુખપત્ર " વાવડ'' નું પ્રકાશન શરૂઆત માત્ર સમાચારોથીથઈ પણ હવે વિવિધ લેખો, સ્પર્ધા, કાવ્ય, વિશેષથી વિવિધા સંપન્ન થયું. સંપાદકોને અભિનંદન.

૩) "દિપક કપ" ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન વિવિધ ઘટકોના આતિથ્યમાં. મુંબઈ સેવા સમાજની" નવનીત કપ'' ની ત્રણ વિજેતા ટીમો સાથે મુંબઈનાં આંગણે રમાયેલ મેચોમાં આપણી ટીમ વિજેતા રહી, ત્રણે મેચમાં||| (૨૬ માર્ચ ૧૯૯૭) સ્પોન્સર – નિતીન શીવજી ધરોડ – હૈદરાબાદ.

૪) મહિલા બેટમિન્ટન સ્પર્ધાનું આયોજન (સ્પોન્સર- રમણીક છેડા,મદુરાઈ)

૫) પગદંડી " દક્ષિણ ભારત વિશેષાંક" પ્રકાશન, ૧૯૯૬. આપણા આગેવાન સામાજિક કાર્યકરોનો પરિચય. આપણા ગૌરવભર્યા અસ્તિત્વની, આપણી અસ્મિતાની આપણા પ્રગતિશીલ વિચારોની જાણ સમસ્ત ક. વિ. ઓ. સમાજને થઈ. આપણા સનિષ્ઠ કાર્યકરો અને તેમની કાર્ય પધ્ધતિને વિશાળ મંચ મળ્યું. આ તક આપવા બદલ આપણે સેવા સમાજનાં ઋણી છીએ. (દક્ષિણના ચારે રાજયોના પ્રવાસની ગાઈડ છપાઇ છે.)

૬) વિવિધ ઘટકોનાં આતિથ્યમાં પરોલી, સુરસંગમ, અંતાક્ષરી, રમતગમત સ્પર્ધા, યુવામેળાનું આયોજન યુવાનો એક-બીજાના પરિચયમાં આવતા ઉમંગ, ઉત્સાહ અને હોશનો ઉમળકો આવેલ.

# ATITHI

## TOURS AND TRAVELS

TREAT YOU LIKE ONE IN THE ROYAL ERA

**Quality AC Cars and Buses on Rent**
**Daily City Sight Seeing and Out Station**

- **Wonderla Amusement Park**
- **Ramoji Film City**
- **Chilkurbalaji**
- **Sreesailem**

**9848011007, 9246591107**

E-Mail : tushar.atithirentacar@gmail.com
# 6-3-252/2/2, Erramanzil, Hyderabad-82.

# Youth Camp 2017- Dandeli











૭) બે વસ્તી પત્રક એવમ્ દર વર્ષે અપરિણીત યુવા યુવતીઓની યાદી પ્રગટ થઈ. મુંબઈની ખબર પત્રિકા, પગદંડી એવમ્ અન્ય માસિકોમાં આપણી પ્રવૃત્તિઓની માહિતી નિયમિત પ્રકાશિત થતી રહી.

વસ્તીપત્રક:- ૨૦૦૩ ગુજરાતીમાં, ૨૦૦૬- અંગ્રેજીમાં

૮) કચ્છ યાત્રા. શ્રી ભાણજીભાઈ સંગોઈ,બેંગલોરની આગેવાનીમાં ૩૦ સભ્યોએ યાત્રા માણી. ૧૮-૨૫ નવેમ્બર ૨૦૦૫.

૯) આપણા એકમની પ્રવૃત્તિઓથી પ્રેરિત થઇ બે એકમ, ૧ મહારાષ્ટ્ર એકમ, ૨ દક્ષિણ ગુજરાત એકમ અસ્તિત્વમાં આવ્યા. તેમના પ્રથમ મહાસંમેલનમાં મને તેમજ પ્રકુલ્લભાઈને અતિથિ વિશેષ તરીકે મંચ મળેલ. બંને એકમ વર્ષોથી સંમેલનો આયોજતા રહ્યા છે. શુભેચ્છાઓ.

૧૦) મધ્ય ભારત- વિદીશા મહાસંમેલનમાં (૨-૧૧-૧૯૯૬) મને અને પ્રકુલ ભાઈને મુખ્ય અતિથિ વિશેષ તરીકે સન્માન મળ્યું. ચર્ચા સભા દરમ્યાન અખિલ ભારત ક. વિ. ઓ. ફેડરેશન સ્થાપના કરવાની તેમજ અખિલ ભારત અપરિણીત યુવા - યુવતીઓની યાદી દર વર્ષે પ્રગટ કરવાનો નિર્ણય લેવાયો. યાદી પાંચ વર્ષે નિયમિત પ્રગટ થઈ. સંચાલક શ્રી જયંતીલાલ વીરા, આકોલા , શ્રી દામજી કાનજી છેડા.કોલ્હાપુર.

૧૧) અખિલ ભારત ક. વિ. ઓ. મહાસંમેલન મુંબઈમાં.૧૫.૧૬.ઓગસ્ટ ૧૯૯૬ મને તેમજ પ્રકુલ્લભાઈને મંચ મળેલ. વિવિધ રાજયોના ક. વિ. ઓ. એકમની સર્વાનુમતે દક્ષિણ ભારત એકમની આગેવાની હેઠળ અખિલ ભારત (દેશાવળ) ક. વિ. ઓ. એકમની જાહેરાત થઈ. જે લગભગ ૯૦૦૦ થી ૧૦૦૦૦ પ્રેક્ષકોએ વધાવી લીધી. સગપણ-સમસ્યા વિશે "કચ્છીમાં" આપણી કાર્ય પધ્ધતિ વિશે ઉલ્લેખ કરી " ક. વિ. ઓ. માં ભણતર વધ્યો પણ જણતર ઘટયો" એ સુચન કરેલ, ભવિષ્યમાં કાકા, મામી, માસી, ફુઈ, ભાઈ, બહેન તેમજ અન્ય સગા ઘટી જતાં યુવા વર્ગ એકલતા અનુભવશે. યુવાનોએ વિરોધ કરેલ? જનતાએ વધાવી લીધેલ|| આજે આ વિચાર ચર્ચામાં છે.

૧૨) મુંબઈનાં સ્થાનકવાસી, દેરાવાસી મહાજને સગપણ છુટાછેડાની સમસ્યાને ઉકેલવા સંમેલનનું આયોજન કરેલ એકમના પ્રતિનિધિ તરીકે મને મંચ મળેલ. દક્ષિણ ભારતે " સગપણ સમસ્યાનો" ઉકેલ સરળ બનાવ્યો છે. એનો ઉલ્લેખ કરી મને માઇક આપેલ, "કચ્છીમાં" મારું પ્રવચન આપતા મેં જણાવેલ જે મુંબઈમાં રહેતા ક. વિ. ઓ. ને તેમના નજીકના સગા વહાલાનું પાકું એડ્રેસ કે તેમના પુખ્ત વયના દિકરા દિકરી વિશે કોઈ પાકી માહિતી નથી હોતી. તેવા સમયે ૨૦ વર્ષની ઉપરનાં અપરિણીત યુવતીઓ – યુવાનોની યાદી દર વર્ષે પ્રગટ કરવાનો એકમાત્ર ઉપાય છે. વિશેષમાં સગપણ સંમેલનને બદલે યુવામેળાનું આયોજન જરૂર બની શકે. કરછના ગામના મહિલામંડળો ને યાદી બનાવવા પ્રોત્સાહિત કરવા સુચન કરેલ. પ્રયત્નો થયા. ને હવે ઈન્ટરનેટ છે. યુવામેળાનું આયોજન વર્ષમાં બે –ત્રણ વખત થાય છે. બંને મહાજન હાલ ખૂબ એક્ટીવ છે. ધન્યવાદ.

૧૩) કલ્પવૃક્ષ યોજના- દક્ષિણ ભારત કચ્છી દશા એકમની કલ્પવૃક્ષ યોજનામાં એકમના નેજા હેઠળ સભ્ય ભાઈ બહેનોએ ભાગ લિધો.વિવિધ સંજોગે યોજના નિષ્ફળ થઈ,જમીન વેચાણ થઈ યોગ્યવ્યવસ્થા થશે.રાહ જોવી પડશે.

૧૪) સુલભ મેડીકેઅર યોજના— દશા એકમ દ્વારા સમસ્ત દશા પરિવારો માટે સુલભ મેડીકેઅર યોજના(વિમા) શ્રી ત્રિલોકચંદભાઈ લોડાયાનાં આયોજનમાં અસ્તીત્વમાં હતી. તેનાથી પ્રેરણા લઈ સમસ્ત ક. વિ. ઓ. પરિવારોને સમાવી લેતી સુલભ મેડિકલ યોજના વિચારવામાં આવી.કરોડોની ડીપોઝીટ અને લાખો સભ્યોનાં રેકોર્ડ રાખી ફોલોઅપ કરવાનું કાર્ય ભગીરથ લાગતા, મુંબઈ ની 'સેવાસમાજ' સંસ્થા આ કાર્યમાટે યોગ્ય જણાઈ.યોજનાની બ્લુપ્રિન્ટ તૈયાર કરી, મુંબઈ પત્રિકામાં છપાવી સેવાસમાજ ને એના માટે હાકલ કરેલ. સેવાસમાજને એનામાટે હાકલ કરેલ. સેવાસમાજનાં અગ્રણી ડો. ઉદય ગડા એ બિડું ઝડપી લિધું ને આજે સંજીવની સ્વાસ્થ યોજનાનો લાભ સમસ્ત સમાજને મળે છે. આંગળી ચિંધ્યાનો પૂણ્ય ,એકમને મુબારક. સેવાસમાજનાં કાર્યકરોને ખુબ ધન્યવાદ.

૧૫) આવાસ યોજના-મુંબઈ સ્થાયી આર્થીક રિતે નબળા પરિવારો બહારગામ સ્થાયી થાય તે માટે એકમ પાસે સેવાસમાજે પગદંડી દ્વારા સુચન મંગાવેલ. તેના જવાબમાં –પગદંડીનાં દક્ષિણ ભારત વિશેષાંક -ઓગસ્ટ ૧૯૯૬નાં અંકમાં રહેઠાણ યોજના સ્વપ્ન કે હકીકત! (પાનું ૨૬) મુંબઈમાં આ યોજના કેમ શક્ય બને તેની સંપૂર્ણ બ્લુપ્રિન્ટ સંભવીત આગેવાન કાર્યકરોનાં નામ સાથે સુચવેલ. આજે આવાસ યોજના નો લાભ અનેક પરિવારોને મળે છે. મુંબઈના આગેવાનો, દાતાઓ, કાર્યકરોને સલામ, ધન્યવાદ. એક વિચારક તરિકે ખુશી અનુભવું છુ.

## એકમ લીધેલ અગત્યનાં નિર્ણય

૧) કચ્છી નાટકોનું દક્ષિણનાં વિવિધ શહેરોમાં આયોજન

૨) સુત્ર-સંગઠને શક્તિ યુગે યુગે- પ્રતિક વડનું ઝાડ કચ્છનાં નકશાપર

૩) સગપણ સંમેલનનું આયોજન ન કરવું.

૪) હોસ્ટ શહેર- તેમને ફાળે આવેલ પ્રવૃત્તિનું આયોજન સહયોગી દાતાઓના સહકારથી પુર્ણ કરશે.

૫) સંમેલનનાં પ્રવક્તા " કચ્છી ભાષા" માં જ સંબંધોન કરશે.

૬) મહાસંમેલનમાં યુવા –યુવતીઓ સારી સંખ્યામાં ભાગ લે તે માટે લોક નૃત્ય સ્પર્ધાનું આયોજન જરૂરી. બાળકો માટે પણ  સ્પર્ધા જરૂરી.

૭) દર ત્રણ વર્ષે મુખ્ય મથક બદલાશે. તેથી કોઈ સ્થાયી દંડ ભેગું ન કરવું.

૮) મુખ્ય મથક બદલાતા 'વાવડ' નું પ્રકાશન તે ઘટકની જવાબદારી રહેશે. ખર્ચની વ્યવસ્થા તેમના હસ્તક.

## કચ્છી સેનેટોરીયમ–ટાઇમસેર રિસોર્ટ


૧)દક્ષિણ ભારતમાં કચ્છી સેનેટોરીયમ ઊભું કરવા ચર્ચા થઈ એકમનાં તત્કાલીન પ્રમુખ શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયાએ નામ આપવાની શરતે યોગ્ય રકમની બાંયધરી આપતા શ્રી નિતીનભાઈ દેઢિયા મદુરાઈના સહયોગમાં કોડાઈકેનાલ મથકે જમીન જોવા સમિતિ મેમ્બરો ગયેલ. જમીન ઊંચાઈ અને ડુંગર પર હતા. સંમતિ ન થઈ.

૨)બીજીવાર બેંગલોરમાં એરપોર્ટ નજીક ડેવનઅલી વિસ્તારમાં જૈન દેરાસર નજીક જમીન જોઈ. સૌને ગમી પણ સેનેટોરીયમ બનાવવાની જવાબદારી લેવા કોઈ ઘટક જ આગળ આવે. તેમાં સમય ગયો ને જમીન વેચાઈ ગઈ. તક ગુમાવી એનો અહેસાસ સૌને છે. વાવડનાં તંત્રીઓએ રજતજયંતી પ્રસંગે વિતેલા વર્ષોમાં એકમની પ્રવૃત્તિઓ અને મારા અનુભવોની માહિતી આપવા વિનંતી કરેલ જે  સહર્ષ, શરતચુકથી કોઈ માહિતી રહી ગઈ હોય તો ક્ષમા. એકમના પ્રતિનિધિ રૂપે વિવિધ ક.વિ.ઓ. એકમ સેવા સમાજ મુંબઈ એવમ્ અન્યત્ર મળેલ સન્માન બદલ હું એકમનો આભારી રહીશ. મારા કાર્યકાળ દરમ્યાન અનેક મિત્રો, સ્નેહીઓ અને કાર્યકરોએ સુચન, સલાહ એવમ્ સહકાર આપ્યો તે બદલ સૌનો આભાર.

એકમ સુવર્ણ જયંતિ જરૂર ઉજવશે એજ શ્રદ્ધા.

**આપનો કલ્યાણજી સૈયા,ચેન્નઈ**

**નોધ- એકમનો ઈતિહાસ જળવાઇ રહે તે અર્થે વિવિધ ઘટકોમાં થયેલ પ્રવૃત્તિ દરમ્યાન લીધેલ ફોટોગ્રાફ્સ, વિડિયો વગેરે એકત્ર કરી એક જગ્યાએ રહે એવું સુચન.**



## 'પાકેલુ પાંદડું'



વાવડમાં વડીલોમાટે **'પાકેલુ  પાદડું'** આ વિભાગમાં તમે તમારા જીવનની પ્રેરણાદાયી ઘટનાઓ—**પ્રેરક પ્રસંગમાં**, કચ્છની વાતો **કચ્છડેજી કયૂં ઘાલ્યૂંમાં** અને **ગમતાના ગુલાલમાં** તમે તમારા અનમોલ અનુભવ અને વિચાર  અને તમે અનુભવેલ રોમાંચિત સફરના આનંદ વ્યક્ત કરતી તમારી વાર્તાઓને આગામી અંક માટે નીચે આપેલ સરનામા પર મોકલાવી શકો.

ઈ-મેલ: **vavad.bellary2015@gmail.com** અને સરનામું છે:

**"Vavad", Mr. Narendra Savla, "Bharat Automobiles", shops no. 50 & 5, Sri M V Lorry terminal, Bellary-583101.** લખાણ સાથે તમે તમારૂ પુરૂ નામ, ગામ, કોન્ટેક્ટ નંબર, પાસપોર્ટ સાઈઝનો ફોટો અને ઈ-મેલ એડ્રેસ આપવાનુ છે.

**સૌ.મીના ચંદ્રકાંત દેઢીયા,(દેશલપુર,કંઠી) બેલ્લારી,9449011153**

**With Best Compliments From**

## M/s. Sweet N Salt

**Manufacturer , Wholesaler N Retailer in Sweets N Namkeen Since Last 40 Years**

## M/s. Uttam Dresses

**Retailer of Kids Readymade Garments**

## Gala Online Service

**Online Ticket Booking Of Train , Flight , Bus , Hotel N Tour Booking Across The World**

## Gala Caterers

**New Venture By Our Group , With The Aim To Serve Tasty N Quality Food With Best Service**

## Shri. Virji Palan Gala School Of Nursing

**3 ½ Year Diploma In General Nursing & Midwifery Course**

## Shri. V. P. Gala Institute Of Para Medical Science

**Diploma In Medical Lab Technician , Diploma In Health Inspector Courses**

# Gala Parivar , Gadag

| Pankaj Virji Gala | Bharat Virji Gala | Gunjan Pankaj Gala | Dishant Dilip Gala |
|---|---|---|---|
| 9448137039 | 8123657572 | 9448165721 | 9986513052 |

# કાવ્યસરિતા

## મારી માં

માં, મનને ઝંકોળી જાય છે ,તારી પ્રિત અને વાતોની રિત||૧||
આંસુ આવતા તું પાસે બોલાવે ,
રડતી આંખોને પ્યારથી હસાવે,
હલકે થી માથા ઉપર હાથ ફેરાવે,
તો આવી જાય ચેહરાપર સ્મિત||૨||
વિદ્યા,વિનય નો પાઠ ભણાવે,
આત્મનિર્ભર બનાવા કામ સિખાવે,
હલકે થી મનમાં આત્મવિશ્વાસ જગાવે,
મળી જાય મને અનોખી જિત||૩||
ધર્મ-તપની મહિમા તું સ્તવનોમાં ગાવે,
વાર્તાઓ કહીને સંસ્કારોના મોતી પિરોવે,
હલકેથી અમને સહનશીલ બનાવે,
સરલતામાં સમઝાય જીવવાની રિત||૪||
તારા વ્યવહારમાં મૃદુતા લાવે,
અને અમને મેળમેળાપ તું સિખાવે,
હલકે થી પ્રેમભાવ મનમાં ભરાવે,
શાંત થયી જાય મારૂ ચિત||૫||

# ગમતા ના ગુલાલ

## ગૃહસ્થાશ્રમનો ધર્મ દાન

શાસ્ત્રોમાં દાનને ગૃહસ્થાશ્રમનો ધર્મ કહેવામાં આવ્યો છે. દાન સારી રીતે કરીએ એ માટે અમુક બાબતો પર ધ્યાન આપવું જોઈએ. દાન દેવું એ કર્તવ્ય છે. એવી બુદ્ધિની બદલાની આશા વિના યોગ્ય સ્થળે, યોગ્ય સમયે અને યોગ્ય વ્યક્તિને જે દાન અપાય છે. તેને સાત્વિક દાન કહેલું છે. આજકાલ વધારે પડતા લોકો મંદિરોમાં દાન આપે છે. મંદિરમાં દાન આપવું ખોટું નથી. પરંતુ આજ ભારત દેશની પોણા ભાગની પ્રજા દુઃખી છે, તો જે સમાજનાં ઉત્થાન માટે કલ્યાણકારી પ્રવૃત્તિ કરતા હોય તેને દાન આપજો. તમારા સામર્થ્યે મુજબનું જે પણ દાન કરો તે પોતાના હાથે જ કરો તો ઉત્તમ. પહેલાં તો તમારા કુટુંબમાં તમારા બહેન, ભાઈ, દુઃખી હોય, નિર્ધન હોય તો તેને મદદ કરજો. આજુબાજુનાં સમાજમાં પડોશી તથા અન્યને દુઃખી વંચિત જુઓ તેને સ્વહસ્તે જરૂરતમંદને મદદ કરજો. આજે મધ્યમવર્ગ દુઃખી છે કારણકે એ માંગવામાં શરમ અનુભવે છે. એને છાનીછુપી રીતે મદદ કરજો. ગરીબના બાળકોને ભણાવો, ગરીબ મા-બાપની દીકરીને પરણાવો, જરૂરતમંદને મકાન બનાવી આપો. આજના યુગનાં મંદિર તો સ્કુલ અને હોસ્પિટલો છે.કારણકે ભણતર અને રોગના ઈલાજનાં ખુબ પૈસા આપવા પડે છે. માટે પ્રભુની વધુ કૃપા હોય તો સરસ્વતી મંદિર જેવી શાળાઓ અને શાંતિધામ જેવી હોસ્પિટલો બનાવો. ભવ્ય મંદિરો નહીં બનાવો તો ભગવાન નારાજ નહીં થાય. મંદિર મસ્જિદ કે બાહ્મણોને અપાય તે સાચું દાન નથી. સાચું દાન છે. ગરીબ, દુઃખી માનવીઓ બેઠેલ ઈશ્વરની, જરૂરતમંદનીસેવા કરી ને તેને યથાશકિત મદદ કરીને. પરમાત્માં આવા દાનથી ખુશ થશે ને તમારા પર આર્શીવાદ વરસાવશો.

સંકલન: અરૂણા નિતીન રાંભિયા, ચેન્નઈ

# Photos from Madurai































*Opening shortly*

*VIJAYA KUTCHI BHAVAN (BIJAPUR)*

*KEEP YOURSELF FREE ON 17TH SEP 2017(SUNDAY),*

*FIRST VIJAYA KUTCHI BHAVAN COMING UP SOON IN SOUTH INDIA BIJAPUR*

*Regards: Bijapur Kutchi Samaj*



# Editor's message

## From me to you

Dear readers,

Its tough time for mothers and children in March and April. I am talking about the examinations and studies. While thinking of education, I remembered an article in one of the magazines on attitude. Attitude means 'the way one see things'. Environment, education and experience are the three major factors that determine ones attitude. Mother is the first teacher for child. So, I think, mother teaches every child and builds an attitude of child to face the world. I want to share this small incidence which made me think of the attitude.

"A chairperson presiding over the prize distribution ceremony for giving prizes for the talented swimmers was waiting for the first prize recipient to reach the podium. To his surprise he saw a lady on a wheel chair brimming with a smile approaching him. For a second, the chair person was wonderstruck. When she extended her hand to receive the prize, the chairperson still in a mixed feeling asked her," how could you successfully swim (meaning without legs)?" With a confident smile came the reply, "sir, lesser the body weight, better for a swimmer; I am thankful to God, for he has permanently removed 30 kg weight from my body." What a great attitude!

The swimmers attitude is developed by her mother. I must say that great teacher who brings out positive attitude in child along with his strength and weakness. So, all the best to mothers to develop an attitude towards growth and strengths of child rather than working hard for scoring in examination. Vavad would like to appreciate such efforts by mothers so kindly share your inspiring experiences and spread the brightness for betterment of our DBKVO as well as nation.

The contents should be mailed to us on: vavad.bellary2015@gmail.com or you can write to us on: **"Vavad",** Mr. Narendra Nanji Savla, "Bharat Automobiles", shop no. 50 & 5, Sri M V Lorry terminal, bellary-583101.

Along with the contents to be published, please tag in your Full name, city, Contact no, passport size photo and email ID.

**Nilam Hitesh Chheda, (Baroi), Mo-9449226670**

# selfi contest



Vavad has introduced **'Selfi Contest'** for all the vivacious, energetic & affectionate young pals. Participate in Selfi contest by capturing all your happy moments. Topic is **"holiday trip with family covering historical background".** Send it to Vavad on or before **15th September 2017**. Best entries will be admired by adding the photos in upcoming Vavad.

**Mrs. Bindu Prashant Chheda, Baroi, 9590920131**

# PHOTOGRAPHY CONTEST



The contest is to hunt for appreciating your talent of photography and writing skills. Best Entry which is received from interested photographers of D.B.K.V.O. Members will be used for display in Vavad as cover page. The small article based on the photograph will be published in next issue of the Vavad.

Vavad is waiting to receive your talent of capturing **" Diwali Festival"** and an article that describes your photograph till **15th September 2017**.You can mail it to **Vavad.Bellary2015@gmail.com** along with your name, village, contact number and photograph.

**Cover page contest winner** is **Mr. Mayank Roshan Maru** from Hyderabad. Other entries were received from Punit Gala, Bangalore and Manan Anish Chheda, Hyderabad.

**Congratulations from Vavad team.**

**Dr. Dhwani Anil Savla, Bellary, (9900200057)**

# YOUNG BUDS CORNER

# ગમતા ના GULAL

## MASTERPIECE...

It was an old rustic room with two glass windows which had old wooden frames. The room was quite dusty, with tools and waste material lying on floor. There was a giant book shelf with few books lying haphazardly. Beside it was a cupboard, which had a big mirror towards the left. Near the door was the work station with drawings, tools and unused material. In the centre of the room there lay a big table with nine models all of different sizes and colours. The door squeaked and gritted at the hinges as it swayed open. A tall old figure with hunched shoulders, dirty glasses which were down to the edge of his nose, grey unkept hair, a thick walrus moustache and wrinkled skin walked in.

Phanesgeb..... he was the best artist in his land. He was currently working on ten spherical models which were placed on the table. He had completed nine of them. He wanted the last one to be his best creation. He worked on it tirelessly for days. He first made land with beautiful mountains, plains, cliffs, etc. Then he thought of making water bodies so he made the lakes, rivers and the mighty oceans. He then thought of adding something more, so he worked on making tiny cells. On compiling the cells he knew that he could make organisms. So he worked on micro-organisms.

He felt that the land looked very empty so he made plants. Some extremely tall & mighty and some very short. He then decided to make animals. He made such numerous amounts of them. He got better after every animal he made and his finest one was Man. After toiling for days on the last model, he finally felt he was done. He beamed through his dirty glasses and was extremely proud of his masterpiece. The word that slipped out of his mouth was ‘Earth’, which in his language meant ‘Perfect’.

The model was very different from the other models. It had land, water, plants and animals. They all existed in so much harmony. It was the perfect model, each element complimenting the other. However, Phanesgeb was still not satisfied. Though there were rivers, the water never flowed. The waves on the ocean didn’t rise and fall. The trees didn’t sway. The birds wouldn’t fly or chirp. Though the animals had limbs, they didn’t move and though Man had a heart, it didn’t beat.Phanesgeb thought really hard, what did his marvellous creation lack? He turned all the pages of the books he had. He spoke to all the brilliant minds of his time, but they all had no answer. Most of them were astonished to see Phanesgeb’s creation. However, Phanesgeb didn’t give up. He would think about it all day.

One night when he was going to bed, something struck him! He had found what his creation lacked! He jumped out of his bed and walked as fast as he could to the work station. That is when Phanesgeb gave birth to ‘Time’. His creation sprang to life. The plants started swaying. He could hear the murmur of the rivers as they glided on their course. The waves on the ocean rose and kissed the sky. The birds chirped and spread their beautiful wings as they dived into the clouds. The animals and Man made love and all the creatures lived in perfect harmony. Tears of joy raced down his cheeks. Now his creation was complete!

The news of Phanesgeb’s creation travelled like wild fire. Many came to see this masterpiece. They had never seen something so complex and yet so beautiful ever in their lives. However, there were many who envied this piece of art. People tried to break into his work place to steal his creation. Soon Phanesgeb realised that he had to hide it. He wished at the back of his head that people on his land would live in complete harmony like the creatures on Earth. He hid his models and they could never be found by anyone. Phanesgeb didn’t visit them as he was scared that someone would follow him.

Many years passed by. Phanesgeb felt a strong urge to see his models. In the darkness of the night he quietly slid out of his house and went to the place where he had hid the models. He was extremely eager to see his creation after such a long time. On reaching, he put on his glasses to see his perfect model, ‘Earth’. But for a moment he couldn’t recognise it. He was shocked to see the state in which his best creation was. It was nothing like what he had created. There was complete

chaos, widespread poverty and hunger and no harmony at all. He couldn't even find some of the animals he had made. They were extinct. The creatures on Earth were fighting for their very existence. The trees were ruthlessly cut. The animals were poached and what not. Men had created boundaries which were separating them from themselves. They were so busy that they had no time to care for their own race.

Phanesgeb had a big pain in his heart as he was returning home. His best creation was no longer Earth (perfect). It had been completely destroyed. The big question that kept striking his mind was: Was it TIME that destroyed his marvellous creation or MAN?

**-Naman Manoj Vichhivora, Bangalore,8762991635**

# EKKAM's GOT TALENT

**Anjali Ketan Ratilal Savla has scored 95.04% in SSLC board examination. Shree K. V. O. seva samaj has felicitated the achievers. Chheda Jewels took the**










**Pranali Tushar Karani won gold medal for Dumra in the age group of 16 to 18 years girls single badminton in kutchi olympia-2016**

**Late Smt. Kasturben K Rambhia-Gundala**



MISS HETVEE
RAVINDRA GOSAR
Halapur

10th Class - 9.4 CGPA

**Shri Damji Jivraj Nagda-Moti Varandi**



MISS EESHA
RAJESH CHAUHAN
Kumbharia

12th MPC - 97.7%

**Late Smt. Laxmiben Mavji Gala - Lakhapur**



MISS BHARGAVI
JAYESH VIRA
Lakhapur

12th CBSE - 92.4%

**Late Smt. Mulbai Bhanji Kheraj-Wadala**



MR. JENNIS
MUKESH GALA
Chassra

B.Com - 89.2%

**Smt. Maniben Ratanshi Gogri-Nagalpur**



MISS RUCHIKA
MAHESH SHAH
Mundra

BE in Computer Science
8.87 CGPA

**Smt. Lataben Manikant Momaya-Varadia**



MR. DHIREN
VILAS GALA
Sabhrai

CA - 54%

**Late Shri Tokarshi Lalji Kapadia-Patri**



MISS NIKITA
ARVIND SHAH
Navinaar

B.Fine Arts
76.56%

**Late Shri Hemant Keshavlal Sanghvi-Mundra**



MR. KUNAL
HARSHAD MEHTA
Mundra

MS in Ele. Engg.
3.7/4 CGPA

**Late Mr. Ankit Mukesh Dharod-Patri**



MISS JINAL
MAHESH DHAROD
Patri

M.in Finance
7.1 CGPA

**Late Smt. Laxmiben Premji Chheda-Mota Laija**
**Shantinath Granite Group**



MISS ASHRUTI
VIPUL NISAR
Wadala

MA in Fashion
Mgmt. Merit

# Youth Camp 2017- Dandeli

































JUPITER
PLASTICS

Behind Shed No. B-479 # B-480, Industrial Estate, Gokul Road,
HUBLI-580 030 Tel : 0836-2331264 , Cell : 9243281264
E-mail : jupiterhbl@gmail.com

geeta
PLASTICS
Manufacturers : Plastic House Hold & Industrial Products

Neeligin Road, HUBLI-580 029. Tel : (O) 2250111, (R) 2366364